૧

વૃધ્ધ સહાય મેળવતા સીનીયર સીટીઝનો માટે રૂ.૫૦૦૦/-ની સહાય માટેની અંત્યેષ્ઠીની યોજના.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: વનપ/૧૧૨૦૨૨/૩૧૫૪/નબા-૪/છ
સચિવાલય, ગાંધીનગર
તા.૬/૦૭/૨૦૨૨

વંચાણે લીધેલ.

૧.સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:- અપગ/૧૦૨૦૧૧/ ૧૬૧/ છ.૧ તા.૨૭/૦૪/૨૦૧૧

૨.સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:- વનપ/૧૧૨૦૨૨/૩૧૫૪ નબા-૪/છ તા.૨૧/૦૪/૨૦૨૨

ઠરાવ :-

રાજ્ય સરકારની નિરાધાર વૃધ્ધ સહાય યોજનાનો લાભ મેળવતાં નિરાધાર વૃધ્ધો અને રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજનામાં ગરીબી રેખા હેઠળ સમાવિષ્ટ કુટુંબોના વરિષ્ઠ નાગરિકોને આ યોજનાઓનો લાભ આપવામાં આવે છે. યોજનાનો લાભ મેળવતા હોય તેવા જ વરિષ્ઠ નાગરિકનું અવસાન થયે તેમના કુટુંબ મદદરૂપ થવા સરકારશ્રી દ્વારા વર્ષ-૨૦૨૨-૨૦૨૩થી વૃધ્ધ સહાય મેળવતા સીનીયર સીટીઝનોની અંત્યેષ્ઠી માટે રૂ.૫૦૦૦/-સહાયની યોજના અમલમાં મુકવામાં આવેલ છે.પુખ્ત વિચારણાનાં અંતે નીચે મુજબ વર્ષ ૨૦૨૨-૨૩થી વૃદ્ધ સહાય મેળવતાં સીનીયર સીટીઝનોની અંત્યેષ્ઠી માટે ૫૦૦૦/- સહાય ચૂકવવા માટે અમલીકરણ માળખું નીચે મુજબ નિયત કરવામાં આવે છે,

યોજનાનું અમલીકરણ કરનાર તંત્ર:-

- ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળની નિયામક સમાજ સુરક્ષા પ્રભાગની કચેરી,ગાંધીનગરની વૃધ્ધ સહાય યોજનાના અમલીકરણ જવાબદારી વંચાણ-૨ના ઠરાવથી મામલતદારશ્રીની કચેરીઓને આપવામાં આવેલ છે. જે અન્વયે અરજીઓ મંજુર/નામંજુર અને સહાયની ચુકવણી કરવાની સત્તા મામલતદારશ્રીઓની કચેરીઓને આપવામાં આવેલ છે. સરકારશ્રીની નવી અંત્યેષ્ઠી યોજનાનો લાભ પણ વૃધ્ધ સહાય મેળવતા હોય તેવા જ લાભાર્થીઓને આપવાનો હોવાથી આ યોજનાની અરજીઓ મંજુર/નામંજુર અને ચુકવણી કરવાની સત્તા તાલુકા મામલતદારને આપવામાં આવે છે.

- આ યોજનાની અરજી કચેરીને મળ્યા બાદ મંજુર/નામંજુર કરવાની સમય મર્યાદા ૬૦ દિવસની રાખવામાં આવે છે.
- તાલુકા મામલતદારના અરજીના હુકમ સામે અપીલ સાંભળવાની સત્તા સંબંધિત પ્રાંત અધિકારીને આપવામાં આવે છે.
- પ્રાંત કચેરીને અપીલ અરજી મળ્યા બાદ મંજુર/નામંજુર કરવાની સમય મર્યાદા ૩૦ દિવસની રાખવામાં આવે છે. પ્રાંત અધિકારનો હુકમ આખરી ગણવામાં આવશે.પ્રાંત અધિકારી દ્વારા મંજુર કરેલ અરજીની જાણ સંબંધિત તાલુકા મામલતદારને કરવાની રહેશે. જેને ધ્યાને લઈને ચુકવણીની પ્રક્રિયા સંબંધિત તાલુકા મામલતદાર દ્વારા કરવાની રહેશે.

<u>મામલતદાર કચેરીએ કરવાની થતી કાર્યવાહી</u>

- અરજદારની અરજીમાં દર્શાવેલ સિનિયર સિટીઝન સરકારશ્રીની વૃધ્ધ સહાય યોજનાઓના લાભ મેળવતાં હતાં તેની ખરાઈ કરવાની રહેશે.
- વૃધ્ધ સહાય મેળવતા સિનિયર સિટીઝનના અવસાન થયા પછીના માસની સહાય તેઓના એકાઉન્ટમાં જમા થયેલ છે કે નહી તેની ખરાઈ કરી જો અવસાન થયા બાદ સહાય જમા થયેલ હોય તો વૃધ્ધ સહાય રકમ અરજદાર પાસેથી પરત મેળવીને સરકારશ્રીમાં જમા કરવાની રહેશે.
- અવસાન પામનાર વરિષ્ઠ નાગરિકની વૃધ્ધ સહાય NSAP PORTAL પરથી Discontinue કરવાની રહેશે.
- અરજદારે રજુ કરેલ સાધનિક કાગળોની ચકાસણી કરી નિયત સમયગાળમાં મંજુર/નામંજુર કરવાની રહેશે.

<u>ચુકવણીની પ્રક્રિયા</u>

- સહાયની રકમ રૂ.૫૦૦૦/- ડી.બી.ટી મારફતે તેમના બેંક એકાઉન્ટમા જમા કરવાની રહેશે.

<u>યોજનાનું દેખરેખ અને નિયંત્રણ</u>

- આ યોજનાના દેખરેખ અને નિયંત્રણ માટે રાજ્ય કક્ષાએ નિયામકશ્રી સમાજ સુરક્ષા પ્રભાગની કચેરી,જિલ્લા કક્ષાએ જિલ્લા કલેકટર કચેરી અને તાલુકા કક્ષાએ તાલુકા મામલતદારની કચેરી રહેશે.

<u>લાભાર્થીએ અરજી કરવાની પ્રક્રિયા</u>

- વૃધ્ધ સહાય મેળવતા હોય તેવા જ સીનીયર સીટીઝનનું અવસાન થતાં ૧ વર્ષના સમયગાળામાં તેમના સીધી લીટીના વારસદારો આ સહાય મેળવવા માટે અરજી કરી શકશે.

- પતિ/પત્ની વૃધ્ધ પેન્શન મેળવતાં હોય અને તેમાંથી કોઈ એકનું અવસાન થતાં અરજી કરવાનો પ્રથમ અધિકાર પતિ કે પત્ની રહેશે. જો આ બંને માંથી કોઈ હયાત ના હોય તો તેના વારસદારોઅરજી કરી શકશે.
- એકથી વધુ વારસદારોના કિસ્સામાં અરજદારના પક્ષમાં સંમતિપત્રક(નમુના મુજબ) સાથે રાખીને અરજી કરવાની રહેશે.
- અરજદારે મરણ પામનાર વૃધ્ધ પેન્શન મેળવતા હતાં તે અંગેના પુરાવા (જેવા કે પેન્શન મંજુરીનો હુકમ, હુકમના ના હોય તો મરણ પામનારનું પેન્શન જે બેંકમાં જમા થતું હોય તે બેંક એકાઉન્ટની વિગત.અને આધાર નંબર રજુ કરવાનો રહેશે.
- અરજદારે પોતાની નામ અને મરણનાર સાથેનો સ્પષ્ટ રીતે સંબંધ દર્શાવવાનોરહેશે.
- અરજદારે ડી.બી.ટી મારફતે સહાય મેળવવા માટે પોતાનો બેંક એકાઉન્ટ અને આધાર નંબર આપવાનો રહેશે.
- અરજદારે આ યોજનાનો લાભ મેળવવા માટે નિયત નમુનાના અરજીપત્રકમાં જરૂરી આધારો રાખીને તાલુકા મામલતદારશ્રીની કચેરીને અરજી કરવાની રહેશે.તાલુકા મામલતદાર કચેરી પાસેથી અરજી સ્વીકાર્યની પહોંચ મેળવી લેવાની રહેશે.
- તાલુકા મામલતદાર કચેરી દ્વારા અરજી ના મંજુર કરવાના કિસ્સામાં સંબંધિત પ્રાંત અધિકારીને દિન-૩૦માં અપીલ અરજી રજુ કરવાની અરજદારે રજુ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(લીના વાઘેલા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,

૧. માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૨. અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. અધિક મુખ્ય સચિવશ્રી(નાણા વિભાગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. સચિવશ્રી(ખર્ચ) નાણા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૫. નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું. ડૉ.જિવરાજ મેહતા ભવન, ગાંધીનગર
૬. સર્વે કલેક્ટરશ્રીઓ (નિયામકશ્રી, સમાજસુરક્ષા ખાતા મારફત)
૭. સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, સમાજસુરક્ષા ખાતા મારફત)
૮. સર્વે મામલતદારશ્રીઓ (નિયામકશ્રી, સમાજસુરક્ષા ખાતા મારફત)
૯. નાણા સલાહકારશ્રી(સા.ન્યા.) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૦. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ

૧૧. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર

૧૨. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ

૧૩. સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા મારફત)

૧૪. સેક્શન અધિકારીશ્રી(બજેટ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૫. સેકશન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર વિભાગની વેબસાઈટમાં છ-શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવા વિનંતી સાથે

૧૬. પસંદગી ફાઈલ-૨૦૨૨

વિના મુલ્યે
Free of charge

| |
|---|
| અરજદારનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ |

અરજી પત્રક

**સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ**

**(નિયામક સમાજ સુરક્ષા)**

**ગુજરાત રાજ્ય**

# અંત્યેષ્ઠિ સહાય યોજના

સુચના:- આ અરજી પત્રકમાં તેના બિડાણ સાથે નકલમાં મોકલાવવાનું રહેશે. યોજના નીચે ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ સહાય યોજના અને નિરાધાર વૃધ્ધ સહાય યોજનાનો લાભ મેળવતા લાભાર્થીનું અવસાન તથા તેઓના સીધી લીટીના વારસદારને અંત્યેષ્ઠિ સહાય યોજના હેઠળ રૂ.૫૦૦૦/-ની નાણાંકિય સહાયની જોગવાઈ આ યોજનામાં કરવામાં આવેલ છે. નિરાધાર વૃધ્ધનું અવસાનના કિસ્સામાં વારસદાર તરીકે તેમની દીકરી અરજી કરી શકશે. (જો નિરાધાર વ્યકિતને દીકરા કે દીકરી ના હોય તો મરણ પામનાર વ્યકિત જાહેર કરેલ વારસદાર અરજી કરી શકશે.) આ અરજીની મંજુર/નામંજુરીના આદેશ મામલતદારશ્રી દવારા કરવામા આવશે. ના મંજુરનાં હુકમ સામે ૩૦ દિવસમાં પ્રાંત અધિકારીશ્રીને અપીલ કરી શકાશે.જેમનો હુકમ આખરી રહેશે.

પ્રતિ,
મામલતદારશ્રી,
મામલતદાર કચેરી,
તા......................જિ.....................

આથી નિયામક સમાજ સુરક્ષા કચેરીની નિરાધાર વૃધ્ધો અને નિરાધાર દિવ્યાંગોના નિભાવ માટે નાણાંકીય સહાય અથવા ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ સહાય યોજનાનો લાભ મેળવતા મારા...............................નું અવસાન થતા અંત્યેષ્ઠિ સહાય યોજના માટેની અરજી કરું છું તે સંબંધમાં નીચેની વિગતો આપું છું.

## અરજદારની વિગત

૧. વારસદારનું પૂરૂં નામ:..........................................................................................

૨. સરનામુ:ઘર નંબર ......................, શેરી ............................, મહોલ્લો .............................,

ગામ ......................, તાલુકો .............................જિલ્લો ........................ પીન કોડ ..................

૩. લાભાર્થીનો વૃધ્ધ પેન્શન મેળવતા વ્યક્તિ સાથેનો સંબંધ::........................................ છે.

૪. અત્યેષ્ઠિની સહાય મેળવનાર લાભાર્થીનો બેંક ખાતા નંબર:.............................................

૫. બેંકનું નામ:...................................................૭. IFSC Code:.......................................

## અરજદારનાં કુટુંબની વિગત

| ક્રમ | નામ | ઉંમર | મૃત્યુ પામનાર સાથેનું સગપણ | ધંધો/વ્યવસાય | વારસદારોની સંમતિ અંગેની સહી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |

## મૃત્યુ પામનારની વિગત :

૧.પુરૂંનામઃ (અટક)...................... નામ..............................................................................

અવસાન તારીખ..................ના રોજ થયેલ છે..જેઓ..................મામલતદાર કચેરીમાંથી નિરાધાર વૃધ્ધ સહાય યોજનાં/ ઇન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન મેળવવાતા હતાં.તેમનું પેન્શન બેંક એકાઉન્ટ નંબર..............................માં જમા થતું હતું.તેમનો આધાર નંબર ............................ છે.

## બાંહેધરી પ્રમાણપત્ર

આથી બાંહેધરી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ઉપરોક્ત સંપૂર્ણ હકીકત મે સમજપૂર્વક ભરેલ છે અને સાચી છે. આમાંની કોઈ વિગત ખોટી ઠરે તો આ યોજના હેઠળ મળેલ સહાય સરકારશ્રીને પરત કરવા આથી બાહેધરી આપું છું. અને અમારા પિતા/ માતાના સીધી લીટીના વારસદારોની સંમતિ લઈ અરજી રજુ કરેલ છે. તો મને મળવાપાત્ર અંત્યેષ્ઠિની સહાય મંજુર કરવા વિનંતી છે.

તારીખઃ-

સ્થળઃ-

અરજદારની સહી અથવા

અંગુઠાનું નિશાન

મારી રૂબરૂ સહી અથવા અંગુઠાનું નિશાન કર્યુ છે.

| સાક્ષીઓઃ નામ અને સરનામુ | સહી | સંપર્ક નંબર |
|---|---|---|
| (૧) | | |

| (૨) | | |
|---|---|---|

<u>ફક્ત કચેરીના ઉપયોગ માટે</u>

<u>મંજુર કરનાર અધિકારીની નોંધ</u>

અરજી નંબર : અરજી મળ્યાની તારીખ :-

તાલુકો ................ જિલ્લો:........................ અરજી નિકાલની તારીખ :-

અરજદારની હકીકત જોતાં તેમના માતા/પિતા/ પત્ની સરકારશ્રીની વૃધ્ધ સહાય યોજનાઓના લાભ સેકશન નંબર..................... થી મેળવતાં હતાં.મરણ પામનાર લાભાર્થીને માહે............................ સુધી વૃધ્ધ સહાય ડી.બી.ટી દ્વારા તેઓના .............................એકાઉન્ટમાં જમા થયેલ છે.લાભાર્થીની અવસાન થયા પછીના માસની સહાય તેઓના એકાઉન્ટમાં જમા થયેલ છે./નથી. જો અવસાન થયા બાદ સહાય જમા થયેલ હોય તો રૂ...................... સહાય પરત મેળવીને સરકારશ્રીમાં જમા કરવામાં આવેલ છે. અવસાન પામનાર લાભાર્થીની સહાય NSAP PORTAL પર તારીખ.......................ના રોજ સહાય ઓનલાઈન બંધ કરેલ છે. તેમના વારસદારની અરજીની ચકાસણી કરતાં અરજદારને નિયામક સમાજ સુરક્ષાની અંત્યેષ્ઠીમાટેની નાણાંકીય સહાય માટે યોગ્ય ગણાવવામાં આવે છે./આવતા નથી.

કચેરીનો ગોળ સિક્કો : મંજુર/નામંજુર :

તારીખ :- સહી :

હોદો :

(કાર્યવાહી પૂરી થયા બાદ મામલતદાર/પ્રાંત કચેરી/કલેકટર કચેરી/નિયામકશ્રી સમાજ સુરક્ષા ખાતા, ગાંધીનગરને અરજીની એક નકલ મોકલશે.)

♦અંત્યેષ્ઠીમાટેની નાણાંકીય સહાય♦

અરજી સાથે બિડવાના થતા દાખલા અને આપવાની થતી માહિતી અંગે ખાસ સુચનાઓ

૧. મરણ પામનાર વ્યકિત વૃધ્ધ સહાય મેળવતાં હોય તેમાંથી નીચેમાંથી કોઈ એક પુરાવો.
 (૧) વૃધ્ધ સહાય મંજુરીનો મામલતદારશ્રી/પ્રાંત અધિકારીશ્રીની કચેરીનો હુકમ.
 (૨) સહાય જમા થતી હોય તેવો બેંક એકાઉન્ટની પાસબુકની નકલ
 (૩) લાભાર્થીનું આધાર નંબર

૨. અવસાન અંગેનો દાખલો.

૩. રેશનકાર્ડની નકલ.

૫. અરજદારની બેંક પાસબુકની નકલ

૬. અરજદારનો આધાર નંબર